Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL · BALBIR · AM/NS INDIA · JSW · MONNET · JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના" હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા જનરલ સર્જરી અને ENT સર્જરી ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ આઠમ શનિવાર ૨૩ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૯

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# વિશ્વના સૌથી ગરમ 100 શહેરોમાંથી 97 ભારતનાં!

## ભારતનું નજીકનું આર્થિક ચિત્ર ધૂંધળુ દેખાય છે : આરબીઆઇ બુલેટિન

**પશ્ચિમ** એશિયાના તનાવને કારણે સપ્લાય ચેઇન ખોરવાતા તેની અસર દેશના અર્થતંત્ર પર દેખાઇ રહી છે

**મુંબઈ, તા. 22 (PTI):** આરબીઆઈ બુલેટિન અનુસાર, પુરવઠા બાજુના દબાણોને કારણે ભારતનો નજીકના ગાળાનો અંદાજ કંઈક અંશે ધૂંધળો જણાઈ રહ્યો છે અને સ્થાનિક ફુગાવા પર પશ્ચિમ એશિયાના સંઘર્ષની આડઅસર પર નજર રાખવાની જરૂર છે. પશ્ચિમ અશિયામાં અનિશ્ચિતતાઓને કારણે વૈશ્વિક અર્થતંત્ર પર સંકટના વાદળો છવાયેલા હોવા છતાં, બુલેટિનના એક લેખમાં જણાવાયું છે કે એપ્રિલ મહિનામાં સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓએ મજબૂતી દર્શાવી છે. અર્થતંત્રની સ્થિતિ પરના આ લેખમાં કહેવામાં આવ્યું છે કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે કોમોડિટી બજારો, વૈશ્વિક વેપાર પ્રવાહ અને સપ્લાય ચેઈન પર સતત દબાણ જોવા મળ્યું છે, જેના લીધે નાણાકીય બજારોમાં અસ્થિરતા વધી છે. ભારતે મેક્રોઇકોનોમિક મજબૂતીની સ્થિતિ સાથે આ તબક્કામાં પ્રવેશ કર્યો છે. તેમાં વધુમાં જણાવાયું છે કે, સ્થાનિક માંગ વૃદ્ધિનું મુખ્ય ચાલક બળ બની રહી છે. જો કે, પુરવઠા બાજુના દબાણોને કારણે નજીકના ગાળાનો અંદાજ કંઈક અંશે ધૂંધળો દેખાય છે. જો કે હેડલાઇન ફુગાવો સંપૂર્ણપણે નિયંત્રણ મર્યાદાની અંદર છે, તેમ છતાં સ્થાનિક કિંમતો પર તેની અસરો પર નજર રાખવી જરૂરી છે. મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓના ફુગાવાને કારણે એપ્રિલમાં છૂટક ફુગાવો વધીને ૩.૫ ટકા થયો હતો, જ્યારે કોર ફુગાવો સ્થિર

...અનુસંધાન પાના 4 પર

**શુક્રવાર** બપોરની નોંધણીની આ યાદીમાં બાકીના ત્રણ શહેરો નેપાળના છે

**આ જ** દિવસની સવારની યાદીમાં વિશ્વના સૌથી ગરમ ૫૦ શહેરોમાંથી તમામ ભારતના

**આ સપ્તાહે** સખત ગરમી ચાલુ રહેવાની હવામાન ખાતાની આગાહી

**નવી દિલ્હી, તા. 22:** વિશ્વના સૌથી ગરમ શહેરોની યાદીમાં ભારતના જ શહેરો સૌથી વધારે છે એમ હાલમાં કરાયેલા કેટલાક નિરીક્ષણો પરથી જાણવા મળ્યું છે. સવારના સમયે વિશ્વના 50 ગરમ શહેરોમાં તમામ ભારતના હતા તો બપોરે વિશ્વના 100 સૌથી ગરમ શહેરોમાંથી 97 ભારતના હતા.

શુક્રવારે બપોરે વિશ્વના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાંથી ૯૭ શહેરો ભારતમાં હતા. એક આકરા હીટવેવે દેશના ઉત્તર, મધ્ય અને પૂર્વ ભાગોને પોતાની ઝપેટમાં લીધા છે, જેના કારણે બપોર સુધીમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી ઘણું ઉપર પહોંચી ગયું હતું. અને શુક્રવાર સવારની એક યાદી પ્રમાણે તો વિશ્વના સૌથી ગરમ એવા ટોચના ૫૦ શહેરોની યાદીમાં તમામેતમામ શહેરો ભારતના હતા. AQI.in ના જણાવ્યા અનુસાર, બપોરે ૨:૫૦ વાગ્યે (ભારતીય સમય મુજબ) વિશ્વના ટોચના ૧૦૦ સૌથી ગરમ શહેરોની યાદીમાં ભારતીય શહેરોનો

...અનુસંધાન પાના 4 પર



### ઓડિશાનું બાલનગીર 48C સાથે સૌથી ગરમ સ્થળ

100 સૌથી ગરમ શહેરોની યાદીમાં ઓડિશાનું બાલનગીર 48C સાથે સૌથી ગરમ સ્થળ તરીકે ઉભરી આવ્યું હતું. ત્યારબાદ બિહારના સાસારામમાં ૪૮C અને ઉત્તર પ્રદેશના વારાણસીમાં ૪૭C તાપમાન નોંધાયું. ન્ય શહેરોમાં ઉત્તર પ્રદેશનું મુઝફ્ફરનગર ૪૬C સાથે ૨૬મા ક્રમે, ઉત્તર પ્રદેશનું અયોધ્યા ૪૬C સાથે ૩૨મા ક્રમે, પંજાબનું પટિયાલા ૪૬C સાથે ૪૨મા ક્રમે, તેલંગાણાનું વારંગલ ૪૬C સાથે ૫૫મા ક્રમે અને ઉત્તરાખંડનું હરિદ્વાર ૪૬C સાથે ૫૬મા ક્રમે છે.

### હાલ આટલી ગરમી કેમ?

ભારતીય ભૌગોલિક મેદાન વિસ્તાર (ઇન્ડો-ગેન્જેટિક પ્લેઇન્સ)ના મોટાભાગના વિસ્તારોમાં સતત ફૂંકાતા સૂકા ઉત્તર-પશ્ચિમી પવનો, સ્વચ્છ આકાશ અને ચોમાસા પહેલાના છાંટણાની રાહતમાં વિલંબને કારણે આ આત્યંતિક પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે એમ નિષ્ણાતો જણાવે છે.

## ગરમીથી ગુજરાત ધગધગ્યું, રાજકોટમાં સૌથી વધુ 43 ડિગ્રી

**અમદાવાદ.** ગુજરાતમાં ઉનાળાની ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી ઉપર નોંધાતા લોકોને અસહ્ય ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા 20 દિવસથી રાજયમાં 42થી 45 ડિગ્રી ગરમીના કારણે જનજીવનને અસર થવા પામી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું, જ્યાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પ્રભાવ યથાવત રહ્યો હતો. અમરેલી અને સુરેન્દ્રનગરમાં 42 ડિગ્રી, અમદાવાદમાં 42 ડિગ્રી, ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર, ભૂજ, કંડલા એરપોર્ટ અને ડીસામાં 41 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. વડોદરા અને કંડલા પોર્ટમાં 40 ડિગ્રી, ભાવનગર અને કેશોદમાં 38 ડિગ્રી, દમણમાં 38 ડિગ્રી, સુરતમાં 36 ડિગ્રી, મહુવા અને નલિયામાં 35 ડિગ્રી જ્યારે પોરબંદરમાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે છેલ્લા 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે કચ્છના ભાગોમાં તાપમાનમાં વધારો થયો હતો. કચ્છ તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાયું હતું. હવામાન વિભાગના

...અનુસંધાન પાના 4 પર

### તાપમાન થોડુંક ઘટ્યું છતાં દેશમાં કાળઝાળ ગરમી ચાલુ, અરૂણાચલમાં પૂર

**નવી દિલ્હી.** ઉત્તર અને મધ્ય ભારતના કેટલાક રાજ્યોમાં તાપમાનમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ તેનાથી બહુ રાહત મળી ન હતી કારણ કે ઘણા સ્થળોએ પારો ૪૦ ડિગ્રીથી ઉપર રહ્યો હતો, જ્યારે પૂર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં પૂરના કારણે ભારે તારાજી સર્જાઈ હતી. હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં વાવાઝોડા, વરસાદ અને તેજ પવનને કારણે કાળઝાળ ગરમીથી રાહત મળી હતી, તેમજ કુલ્લુ જિલ્લાના રોહતાંગ પાસ અને આસપાસના વિસ્તારોમાં દિવસ

...અનુસંધાન પાના 4 પર

## હાઈકોર્ટના ચુકાદા પછીના પ્રથમ શુક્રવારે ભોજશાલામાં મહા આરતી યોજાઈ

**કડક** સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સેંકડો હિન્દુઓએ મહા આરતીમાં ભાગ લીધો

**વિરોધ** નોંધાવવા મુસ્લિમોએ કાળી પટ્ટી પહેરીને ઘરોમાં જ નમાઝ અદા કરી



**ધાર(મધ્ય પ્રદેશ), તા. ૨૨ (PTI):** હાઈકોર્ટે ભોજશાલા સ્થળને મંદિર જાહેર કર્યાના બરાબર એક અઠવાડિયા પછી, શુક્રવારે મધ્ય પ્રદેશના ધારમાં આવેલા ભોજશાલા પરિસરમાં 'મહા આરતી' માટે સેંકડો હિન્દુ શ્રદ્ધાળુઓ એકઠા થયા હતા, જ્યારે બીજી તરફ મુસ્લિમ સમુદાયના સભ્યોએ વિરોધ પ્રદર્શિત કરવા માટે કાળી પટ્ટીઓ બાંધીને પોતાના ઘરોમાં નમાઝ અદા કરી હતી. મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ૧૫ મેના રોજ ચુકાદો આપ્યો હતો કે વિવાદિત ભોજશાલા-કમાલ મૌલા મસ્જિદ પરિસર એ દેવી વાગ્દેવીને સમર્પિત

...અનુસંધાન પાના 4 પર

## અમેરિકી વિદેશ મંત્રી રૂબિયો આજથી ભારતના ચાર દિવસના પ્રવાસે

**નવી દિલ્હી, તા. ૨૨(PTI):** અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો શનિવારથી ભારતની ચાર દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. પદ સંભાળ્યા પછી તેમની આ પ્રથમ ભારત મુલાકાત છે, જેનો ઉદ્દેશ્ય ગયા વર્ષના મધ્યથી તણાવપૂર્ણ બનેલા દ્વિપક્ષીય સંબંધોને સુધારવાનો છે.

અમેરિકાના આ ટોચના રાજદ્વારી નવી દિલ્હીમાં ક્વાડ સંગઠનના સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા ઉપરાંત, વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે વ્યાપક સ્તરની વાતચીત કરવાના છે. જયશંકર અને રૂબિયો વચ્ચે રવિવારે વાતચીત થવાની છે, જ્યારે ક્વાડની બેઠક મંગળવારે યોજાશે.

## રાજ્યસભાની 26 બેઠકોની 18મીએ ચૂંટણી, NDA એક બેઠક ગુમાવી શકે

**તમિલનાડુમાં** અન્નાદ્રમુકની એક બેઠક હવે ટીવીકે પાસે જશે

**ખડગે,** દેવગોવડા, શક્તિસિંહ ગોહીલ સહિત ૨૬ સભ્યો નિવૃત થઇ રહ્યા છે

**નવી દિલ્હી, તા. 22 (PTI):** દેશભરના ૧૨ રાજ્યોની ૨૬ બેઠકો માટે યોજાનારી દ્વિવાર્ષિક ચૂંટણીમાં એનડીએ રાજ્યસભાની એક બેઠક ગુમાવે તેવી શક્યતા છે, જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષને ત્રણ બેઠકોનો ફાયદો થવાના સંકેત છે. ચૂંટણી પંચે શુક્રવારે જાહેરાત કરી હતી કે પૂર્વ વડાપ્રધાન એચ. ડી. દેવગૌડા, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પક્ષના નેતા દિગ્વિજય સિંહ, તેમજ બે કેન્દ્રીય મંત્રીઓ રવનીત સિંહ અને જ્યોર્જ કુરિયન સહિતના વર્તમાન સાંસદોની નિવૃત્તિને કારણે ખાલી પડી રહેલી ૨૬ રાજ્યસભા બેઠકો માટે ૧૮ જૂને ચૂંટણી યોજાશે. એક નિવેદનમાં ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, ૧૦ રાજ્યોની ૨૪ બેઠકો પરના વર્તમાન સાંસદો ૨૧ જૂનથી ૧૯ જુલાઈ દરમિયાન અલગ-અલગ તારીખોએ નિવૃત્ત થઈ રહ્યા છે, જ્યાં રાજ્યસભાની ચૂંટણીઓ યોજાશે. જે કુલ ૨૬ બેઠકો પર ચૂંટણી થઈ રહી છે, તેમાંથી હાલમાં એનડીએ પાસે ૧૮, કોંગ્રેસ પાસે ચાર, જ્યારે જેએમએમ પાસે એક અને વાયએસઆરસીપી

...અનુસંધાન પાના 4 પર

### રાજ્યસભાની 18મીની ચૂંટણીમાં ગુજરાતની 4 બેઠક પણ સામેલ

ગાંધીનગરઃ ગુજરાતની રાજ્યસભાની ચાર બેઠક માટે આવનાર 18મી જૂને ચૂંટણી યોજાશે. કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 1 જૂનના રોજ ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થશે. ચૂંટણી માટે સવારે 9 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધી મતદાન થશે, જ્યારે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 8મી જૂન નક્કી કરવામાં આવી છે. હાલની રાજકીય પરિસ્થિતિને જોતા ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવે તેવી શક્યતા મજબૂત બની રહી છે. આગામી 21 જૂન, 2026ના રોજ ગુજરાતના ચાર રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થતો હોવાથી હવે નવી ચૂંટણી

...અનુસંધાન પાના 4 પર

## CBSEના ત્રણ ભાષા ફરજિયાતના આદેશ સામે સુપ્રીમમાં આવતા સપ્તાહે સુનાવણી

**નવી દિલ્હી, તા. 22 (PTI):** સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે તે સીબીએસઈની નવી નીતિને પડકારતી અરજી પર આવતા અઠવાડિયે સુનાવણી કરશે, જે અંતર્ગત ૧ જુલાઈથી શરૂ થતા શૈક્ષણિક સત્રથી ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછી બે સ્થાનિક ભારતીય ભાષાઓ સહિત કુલ ત્રણ ભાષાઓનો અભ્યાસ ફરજિયાત બનાવવામાં આવ્યો છે.

વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી તથા જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેંચ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો. રોહતગીએ જણાવ્યું હતું કે, આ એક તાકીદની જાહેર હિતની અરજી છે. અરજદારોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સામેલ છે.

## પાકિસ્તાનમાં પણ કોકરોચ અવામી પાર્ટીના જન્મ સાથે કોકરોચ ફીવર

**પાકિસ્તાનમાં** કોકરોચ નામધારી અવામી લીગ અને અવામી પાર્ટીનો ઉદય થયો

**ઈસ્લામાબાદ, તા. 22 :** ઝડપથી વધવા માટે જાણીતા કોકરોચ ઉર્ફે વંદાને દૂર કરવા ખૂબ જ મુશ્કેલ છે. હવે વ્યંગ તરીકે શરૂ થયેલી એક રાજકીય ચળવળ સાથે આવું જ થઈ રહ્યું હોય તેવું લાગે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ભારતની કોકરોચ જનતા પાર્ટી (CJP) ના ઉલ્કાસ્પદ ઉદયથી સરહદ પાર પાકિસ્તાનમાં પણ તે જૂથોની લહેર ફેલાઈ છે. આ જૂથોમાં કોકરોચ અવામી પાર્ટી (CAP) અને કોકરોચ અવામી લીગ (CAL)નો સમાવેશ થાય છે. ઓનલાઈન લોકપ્રિય બનતી કોકરોચ પાર્ટી વિશ્વભરના મીડિયામાં તેના પર અહેવાલો ફેલાવા લાગી, જેના કારણે તે કોઈના ધ્યાન બહાર ન રહી. થોડા સમય પછી, કોકરોચ જનતા પાર્ટીના પાકિસ્તાની વર્ઝન ઓનલાઈન દેખાવા લાગ્યા. સૌથી પહેલા ઈન્સ્ટાગ્રામ પેજ કોકરોચ આવામી પાર્ટી હતું, જેણે ખુલ્લેઆમ ભારતીય ચળવળમાંથી પ્રેરણા

...અનુસંધાન પાના 4 પર

## વ્હાઈટ હાઉસના દબાણથી ટ્રમ્પના ગુપ્તચર વડા તુલસી ગબાર્ડનું રાજીનામું

**પતિની** બીમારીથી રાજીનામુ આપ્યાનું ગબાર્ડે જણાવ્યું, જો કે કેટલાક અહેવાલોમાં વ્હાઇટ હાઉસે ગબાર્ડને રાજીનામું આપવા દબાણ કર્યું હોવાનું કહેવાયું



**વોશિંગ્ટન, તા. 22 :** તુલસી ગબાર્ડે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટમાં રાષ્ટ્રીય ગુપ્તચર નિયામક તરીકેની તેમની ભૂમિકા પરથી રાજીનામું આપી દીધું છે, જે ઈરાન પ્રત્યે અમેરિકાના વલણ અંગેના વિભાજન વચ્ચે વ્હાઈટ હાઉસમાં મોટો ફેરફાર દર્શાવે છે. જો કે ફોક્સ ન્યૂઝ ડિજિટલે મેળવેલા રાજીનામા પત્ર અનુસાર તેમના પતિને હાડકાના કેન્સરના અત્યંત દુર્લભ સ્વરૂપ હોવાનું નિદાન થયું હોવાથી આ રાજીનામુ આપ્યું છે. બીજી તરફ આ બાબતથી વાકેફ એક વ્યક્તિએ વ્હાઈટ હાઉસે ગબાર્ડને રાજીનામું આપવા દબાણ કર્યું હોવાનું ન્યૂઝ એજન્સી રોઈટર્સને જણાવ્યું હતું.

શુક્રવારે ઓવલ ઓફિસમાં મળેલી બેઠક દરમિયાન ગબાર્ડે રાષ્ટ્રપતિ ટ્રમ્પને તેમના નિર્ણયની જાણકારી

...અનુસંધાન પાના 4 પર

## જો માતા-પિતા IAS અધિકારી હોય, તો તેમના બાળકોને અનામત શા માટે? : સુપ્રીમ

**કર્ણાટક** હાઈકોર્ટના ચુકાદા સામેની અરજીની સુનાવણી કરતી વખતે સુપ્રીમની બેન્ચે આ અવલોકનો કર્યું

**નવી દિલ્હી, તા. 22 :** સુપ્રીમ કોર્ટે આજે પ્રશ્ન કર્યો હતો કે શું અનામત દ્વારા શૈક્ષણિક અને આર્થિક પ્રગતિ પ્રાપ્ત કરનારા પરિવારોના બાળકોને અન્ય પછાત વર્ગો (OBC) અનામત લાભો મળતા રહેવા જોઈએ, કારણ કે આવી પ્રગતિ સામાજિક ગતિશીલતામાં પણ પરિણમે છે. ન્યાયાધીશ બી.વી. નાગરત્નાએ કહ્યું કે જો માતા-પિતા બંને IAS અધિકારી હોય, તો તેમને અનામત શા માટે હોવી જોઈએ? શિક્ષણ અને આર્થિક સશક્તિકરણ સાથે, સામાજિક ગતિશીલતા પણ છે. તો પછી ફરીથી બાળકો માટે અનામત મેળવવા માટે, આપણે

...અનુસંધાન પાના 4 પર

## ભારતના ઓઇલ મેપમાં બદલાવ : વેનેઝુએલા ત્રીજું સૌથી મોટું સપ્લાયર

**ભારતીય** કંપનીઓએ ખરીદી વધારતા વેનેઝુએલા સામે અમેરિકા સાઉદી અરેબિયા પાછળ છૂટ્યા, રશિયા અને યુએઈ જ વેનેઝુએલા કરતાં આગળ

**મુંબઈ, તા. 22 :** મે મહિનામાં ક્રૂડ ઓઈલની આયાતમાં ધરખમ ફેરફાર નોંધાયા છે અને ભારતના ઓઇલ મેપમાં બદલાવ આવ્યો છે. સાઉદી અરેબિયા અને અમેરિકાને પાછળ છોડીને, ભારત હવે વેનેઝુએલાથી સસ્તું તેલ ખરીદી રહ્યું છે તેમજ ભારે ડિસ્કાઉન્ટનો લાભ મેળવી રહ્યું છે. વેનેઝુએલા હવે ભારતનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઇલ સપ્લાયર બન્યું છે, તેને અમેરિકા અને સાઉદી અરેબિયાને પણ પાછળ છોડી દીધા છે. પ્રતિબંધો હળવા થતાં, ભારતીય રિફાઇનરીઓએ વેનેઝુએલા પાસેથી સસ્તા અને ભારે તેલની ખરીદીમાં વધારો કર્યો છે, જેના પરિણામે દેશને નોંધપાત્ર બચત થઈ છે. ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ મોટાભાગે આપણે કયા દેશથી અને કયા ભાવે ક્રૂડ ઓઇલ ખરીદીએ છીએ તેના પર આધાર રાખે છે. મે મહિનામાં ભારતની તેલીની આયાતમાં ફેરફાર થયો છે. ભારત ગઈકાલ સુધી જે દેશો પાસેથી સૌથી વધુ તેલ ખરીદતું હતું તે હવે પાછળ રહી ગયા છે. હકીકતમાં, વેનેઝુએલા ભારતને ક્રૂડ ઓઇલના ત્રીજા સૌથી મોટો સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે. આ લેટિન અમેરિકન દેશે સાઉદી અરેબિયા અને યુનાઇટેડ સ્ટેટ્સ જેવા મુખ્ય તેલ ઉત્પાદકોને પણ પાછળ છોડી દીધા છે. રિપબ્લિકન અને સ્થાનિક રિફાઇનરી કંપનીઓ, ખાસ કરીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે, સસ્તા અને ભારે-ગ્રેડ વેનેઝુએલાના ક્રૂડ ઓઇલની ખરીદીમાં વધારો કર્યો

...અનુસંધાન પાના 4 પર

### ભારતને ઓઇલ સપ્યાલ કરતા દેશો

| દેશ | સપ્લાય |
|---|---|
| રશિયા | 23 લાખ બેરલ |
| યુએઇ | 4.40 લાખ બેરલ |
| વેનેઝુએલા | 4.17 લાખ બેરલ |
| સાઉદી | 3.40 લાખ બેરલ |
| અમેરિકા | 3.10 લાખ બેરલ |

તા. ૨૨-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૦° સે. | ૨૮.૪° સે. | ૫૬% |